
ધ જનરલ

જેનેટ ચાર્ટરસ, ચિત્ર: માઈકલ ફોરમેન, અનુવાદ: મમતા



ધ જનરલ

જેનેટ ચાર્ટરસ, ચિત્ર: માઈકલ ફોરમેન, અનુવાદ: મમતા


General

Janet Charters

illustrated by

Michael


Foreman



templar books

an imprint of Candlewick Press

એક જનરલ હતા.








તેમનું નામ હતું જનરલ જોધપુર. તેમની એક ઇચ્છા હતી કે તે પોતે દુનિયાના સહુથી પ્રખ્યાત જનરલ બને અને બીજા બધાં દેશના જનરલ તેમની સેનાના વખાણ કરે. આ માટે તે તેમની સેનાને હંમેશા કામે લગાડી રાખતા.

સૈનિકો પોતાના શસ્ત્રો સાફ કરતાં,પોતાના યુનિફોર્મ ઈસ્ત્રી કરતાં અને પોતાના મેડલ અને બૂટ ચમકાવતા.




દરરોજ વહેલી સવારે, સૂરજ ઊગતા જ, સૈનિકોને ટિપટોપ તૈયાર થઈને મેદાનમાં હાજરી આપવી પડતી અને પરેડ કરવી પડતી.

તે પછી સૈનિકો જૂથોમાં વહેંચાઇ જતાં. રસોઈવાળાં ભોજન બનાવવા રસોડામાં જતા. ઘોડેસવાર દળવાળાં ઘોડાઓની દેખરેખ કરવા તબેલામાં જતાં.



બીજાં સૈનિકો બન્દૂકબાજીનો અભ્યાસ કરતાં. સેનાના ઓફિસરો સહુ
પોતપોતાનું કામ બરાબર કરે છે તેના ઉપર નજર રાખતાં.



સાંજના છાવણી શાંત થઇ જાય પછી જનરલ જોધપુર મોડે સુધી જાગતા અને વાંચતા. તેમને બીજા જનરલો અને તેમણે જીતેલા પ્રખ્યાત યુદ્ધ વિષે વાંચવું ગમતું હતું. જનરલ સપના જોતા કે એક દિવસ તેઓ અને તેમની સેના પણ એટલા પ્રખ્યાત થાય કે તેમના વિષે પુસ્તકો લખાય.




એક રવિવારની સવારે જનરલ જોધપુર તેમના મોટા સફેદ ઘોડા ઉપર બેસીને જંગલની પાસેથી પસાર થતાં હતાં. ત્યાં એક લાલ રંગનું શિયાળ અચાનક તેમની સામેથી દોડી ગયું. ઘોડો ભડકી ગયો. અને હબકીને જંગલમાં નાસી ગયો. જનરલ જમીન ઉપર ગબડી પડ્યા.



જનરલને ઈજા ન થઇ. તે ઘાસ ઉપર પડ્યા. ઘાસ પોચું હતું અને તેની મીઠી સુગંધ હતી. જનરલને ઊભા થવાનું મન જ ન થયું. ઘાસનું એક તણખલું તોડીને દાંત વચ્ચે મૂક્યું અને મજાના તડકામાં લાંબા થઇને તેઓ પડ્યા રહ્યા.





ઘણો સમય પસાર થયો. પછી તેમને થયું કે પાછા છાવણીએ પહોંચવું જોઈએ. ધીમે રહીને ઊભા થયા અને તેજ ગતિથી ચાલતા થયા.

આ કેડીએ તેઓ અનેક વખત ઘોડા ઉપર બેસીને પસાર થયા હતા. હવે ચાલતા ચાલતા તેમણે કેટલીએ વસ્તુઓ જોઈ જે પહેલા નહોતી જોઈ કારણકે ત્યાંથી હંમેશા ઝડપથી પસાર થતા. તેમણે ખિસ્કોલીયો અને સસલાઓ જોયા, ખેતરના ઊંદર અને શેળાં, ઊંચે ઉડતા પંખીઓ અને જંગલી કબૂતર જોયા; એક મોર પણ જોયો.







તેમણે સાંભળ્યા પક્ષીઓના ગાન. એકાએક જનરલ એક સુંદર ફૂલોના ખેતર પાસે પહોંચી આવ્યા. એટલું સુંદર દ્રશ્ય તેમણે પહેલા ક્યારે પણ જોયું નહોતું. કેટકેટલી જાતના ફૂલો કે જેની તેમણે કલ્પના પણ ન કરી હતી, અને એટએટલાં રંગો કે કોઈ ચિત્રકારે સપનામાં પણ ન જોયા હોય.

જનરલ જોધપુર થોડીક ક્ષણ સ્તબ્ધ થઇ ગયા. પછી ધીમે ધીમે ખેતર ઓળંગીને ફૂલોની વચ્ચે જઈને બેસી ગયા. મધ બનાવવા પરાગની શોધમાં ઉડતી ગણગણતી મધમાખીઓને જોઈ રહ્યા. તેમને થયું કે ક્યાંક તેમના નાક ઉપર એકાદ આવી બેસશે તો? પણ મધમાખીઓ તો એટલી વ્યસ્ત હતી કે પ્રખ્યાત જનરલ તરફ ક્યાંથી ધ્યાન જાય?







તે ઘણી વાર સુધી ફૂલો અને પતંગીયા જોતા રહ્યા. કેવી શાંતિ હતી. આ પહેલા ક્યારે પણ આ બધાં ઉપર તેમનું ધ્યાન કેમ નહોતું ગયું?

આખરે જયારે તે ઊભા થયા ત્યારે તેમણે જોયું કે ત્યાં થોડા ફૂલો દબાઈ ગયા હતાં. નમી ગયેલા ફૂલ દુખી લગતા હતા. તેમને પણ દુખ થયું. ફૂલોને છોડીને જવું ગમતું ન હતું, પણ જનરલને પોતાના સૈનિકો પાસે જવું પડે તેમ હતું. તેમને થયું કે ચાલને બે ફૂલ તો સાથે લેતો જાઉં.






જનલ જોધપુર પાછા છાવણીએ પહોંચ્યા ત્યાં અંધારું થેઈ ગયું હતું. તેમણે પેલા બે ફૂલ એક પાણીના ગ્લાસમાં તેમના રૂમની બારી પાસે મૂક્યા, અને તે સૂઈ ગયા.

તે રાત્રે તેમને દિવસે જોયેલી બધી સુંદર વસ્તુઓનું સપનું આવ્યું–

પક્ષીઓ,પ્રાણીઓ, સૂરજ, અને ફૂલોનું. પછી સપનામાં સેંકડો સૈનિક આવી ચડ્યા. તેમના ઘોંઘાટથી ડરીને પક્ષીઓ અને પ્રાણીઓ નાસી ગયા. સૈનેકોના પગ નીચે સુંદર ફૂલો ચગદાઈ ગયા. જનરલને ખૂબ ગુસ્સો આવ્યો. “થોબો થોબો” તેમણે સૈનિકોને બૂમ પાડી. અને તે ચમકીને જાગી ગયા. એ તો સપનું હતું. ફરી સૂઈ જવાનો પ્રયત્ન કર્યો, પણ ઊંઘ ન આવી.





તેમને વિચાર આવ્યો કે તેમણે પોતે અને તેમના સૈનિકોએ કોણ જાણે કેટલી વાર હજારો સુંદર ફૂલોની ઉપરથી કૂચ કરી હશે, અને કેટલાએ નાના પ્રાણીઓને ડરાવ્યા હશે. તેમણે નક્કી કર્યું કે "આ પછી હું કદી કોઈને બીવડાવીશ નહિ અને નાં તો કોઈ જાતનું નુકશાન કરીશ. હું પ્રાણીઓને મદદ કરીશ અને ફૂલછોડની દેખરેખ કરીશ."



સવારે સૈનિકોને કહ્યું કે તેમની ઈચ્છા હતી કે તેઓ બધાં સેના છોડીને પોતાને ઘેર અને નોકરી-ધંધાએ પાછા જાય. અને પોતાના દેશને દુનિયાનો સહુથી સુંદર દેશ બનાવવામાં જનરલની મદદ કરે. બધાં ખૂબ ખુશ થયાં, પણ સહુથી વધારે ખુશ હતાં જનરલ.



ખેડૂતો પોતાના ખેતર ખેડવા લાગ્યા અને વાવણી કરવા લાગ્યા.







માછીમારો તેમની જાળ લઈને દરિયે ગયા.




જનરલે હુકમ કર્યો કે સેનાની છાવણીની જગ્યાએ એક સુંદર શહેર બનાવવામાં આવે,



જ્યાં દુકાનો અને નિશાળો હોય અને બાગ બગીચા હોય.




ICES



ચારે બાજુ પ્રવૃત્તિ જોઈ જનરલ ભારે જોશમાં હતા.
તેઓ દરરોજ કામ કેમ ચાલે છે તે જોવા જતા અને
તેમને જોઇને તેમની પ્રજા પણ ખુશ થતી.

દરરોજ તે પેલી
જગ્યાએ પણ જતા જ્યાં
તેમણે પહેલી વાર પેલા
ફૂલો જોયા હતાં. હવે
શિયાળો હતો અને ત્યાં
ફૂલો ન હતાં, પણ
તેમને તે ખેતર જોવું
અને તેની માટી હાથમાં
લેવી ગમતી. તેમને
ખબર હતી કે વસંત
આવશે ત્યારે ફૂલો પણ
પાછા આવશે.







આખરે શિયાળો ગયો. ફૂલો ફરીથી ખીલવા લાગ્યા. ઝાડ ઉપર કોમળ લીલાં પાન ફૂટવા લાગ્યા. માટીમાંથી ખેડૂતોએ વાવેલા બીનાં અંકુર નીકળી આવ્યા.




મકાઈના લીલાં છોડ ઊંચાં થવા લાગ્યાં. વાડીઓમાં ફળ પાકવા લાગ્યાં. વહેલી સવારે માછીમારો ગાતા ગાતા હોડીઓ લઈને દરિયે જતાં.

એક દિવસ જનરલ જોધપુર
ઉપર બે પત્ર આવ્યા. એક પત્ર
દુનિયાના પૂર્વી ભાગનાં
પ્રખ્યાત જનરલ નિકોલાઈ
માર્કોવિચ તરફથી. બીજો હતો
દુનિયાના પશ્ચિમ ભાગનાં
તેટલાજ પ્રખ્યાત જનરલ
કસ્ટરડ તરફથી. જનરલ
જોધપુરના દેશમાં થઇ રહેલાં
અવનવા બનાવો વિષે તેમણે
જે સાંભળ્યું હતું, તે બધું તેઓ
રૂબરૂ જોવા ઇચ્છતા હતાં.

જનરલ જોધપુરે તરતજ તેમને
મુલાકાત લેવા આમંત્રણ આપ્યું.
જનરલ નિકોલાઈ માર્કોવિચ
અને જનરલ કસ્ટરડ પધાર્યા.
ભવ્ય બેન્ડ સાથે જનરલ
જોધપુરે તેમનું સ્વાગત કર્યું.
અને પછી જનરલે મહેમાનોને
પોતાના દેશનું ભ્રમણ કરાવ્યું.







તેમને વાડીઓ અને વનો બતાવ્યા, અનાજ અને શાકભાજીથી ભરપૂર ખેતરો દેખાડ્યા, અને બાગ બગીચા અને રમતગમતના મેદાનોવાળા સુંદર શહેરમાં ફેરવ્યાં. મહેમાન જનરલોએ જોયું કે ત્યાનાં લોકો



બધા પ્રાણીઓને મિત્ર માનતા હતાં, કદી તેમને હેરાન ન કરતાં કે ન હાની પહોંચાડતાં.

સફરની આખરમાં જનરલ જોધપુર મહેમાનોને તે જગ્યાએ લઇ ગયા કે જ્યાં તેમણે પહેલી વાર પેલા ફૂલો જોયા હતાં.

માઈલો સુધી ફેલાયેલા ખેતરો ઉપર જાણે કે રંગબેરંગી ચાદર પથરાઈ ગઈ હતી. ફૂલો ન દબાય તેમ ત્રણે જનરલ કાળજી લઈને નીચે બેઠા. ત્રણે એક બીજા સામે હસ્યાં. જનરલ કસ્ટરડ કહે “શું સુંદર પ્રયોજન છે. તમે તમારો દેશ દુનિયામાં સહુથી સુંદર બનાવી દીધો છે.”




“અને તમારી પ્રજા પણ સહુથી આનંદમય છે” જનરલ નિકોલાઈ માર્કોવિચે ઊમેર્યું. બંને જનરલ એક સાથે બોલ્યા “જનરલ જોધપુર, તમે દુનિયાના સહુથી પ્રખ્યાત જનરલ છો.”





અને દુનોયાના સહુથી પ્રખ્યાત જનરલ ફૂલો વચ્ચે લાંબા થઇ ને સુરજ સામે મલકાયા.



પ્રકાશકની નોંધ

જેનેટ ચાર્ટરસનો જન્મ 1938માં ઈંગલેન્ડમાં થયો હતો. ત્યારે દ્વિતીય વિશ્વયુદ્ધ શરુ થવાની તૈયારી હતી. મોટા થતાં તેમણે શીત-યુદ્ધ દરમ્યાન અનિશ્ચિત પરિસ્થિતિયોનો અનુભવ કર્યો અને પરમાણુ શાસ્ત્રોની દોડ પણ જોઈ. આના પરિણામસ્વરૂપ જેનેટમાં શાંતિ પ્રત્યે ઊંડો ભાવ કેળવાણો.

માઈકલ ફોરમેનનો જન્મ 1938માં ઈંગલેન્ડમાં થયો હતો. તેઓ દ્વિતીય વિશ્વયુદ્ધના પડછાયામાં મોટા થયા. ત્રણ વર્ષના હતા ત્યારે એક ભયંકર ઘટના ઘટી હતી. તે રાત્રે સૂતા હતા ત્યારે તેમના ઘરનું છાપરું વીંધીને બોમ્બ પડ્યો. તેમને યાદ છે કે બોમ્બ તેમનાથી થોડેક દૂર પડ્યો અને દીવાલ સાથે અથડાઈને આગની ચિમનીમાં પડ્યો અને ફાટ્યો. માઈકલ બચી ગયો. વિશ્વયુદ્ધ પૂરૂં થયા પછી માઈકલે શાંતિની કલ્પના કરી. પણ તેના બાળપણના ઘણા વર્ષ તેણે પરમાણુ યુદ્ધના પડછાયામાં કાઢ્યા.

ધ જનરલ જેનેટ અને માઈકલનું પહેલું પુસતક છે. આમાં તેમનો પ્રયત્ન હતો કે તેઓ એક મજેદાર અને જીવંત વાર્તા કહે જે લોકોમાં આપણી દુનિયા પ્રતિ પ્રેમ અને અનુકંપા ઉત્પન કરે. પચાસ વર્ષ પછી પણ આ પુસ્તકની તેટલીજ પ્રસ્તુતતા છે. આજે દુનિયામાં ન કેવળ શાંતિની જરૂર છે, પર્યાવરણ સંરક્ષણની પણ અત્યંત જરૂર છે.

જેનેટ ચાર્ટરસ ઈંગલેન્ડમાં સેંટ માર્ટિન્સ સ્કૂલ ઓફ આર્ટમાં ભણ્યા. ત્યાં તેમની માઈકલ ફોરમેન સાથે મુલાકાત થઇ. જેનેટ હાલ લન્ડનમાં તેમની બે બિલાડીઓ સાથે રહે છે. તેઓ હજી પણ ચિત્રો બનાવે છે અને પ્રદર્શિત કરે છે.

માઈકલ ફોરમેન પંદર વર્ષની ઉમરે કલાશિક્ષણમાં જોડાઈ ગયા. તેમનાં પુસ્તકોને અનેક અંતરરાષ્ટ્રીય પુરસ્કારો મેળેલ છે. ઉપરાંત તેમણે ચાર્લ્સ ડિકન્સ, ઓસ્કર વાઇલ્ડ આને શેક્સપિયર જેવા અનેક પ્રસિદ્ધ લેખકોની પુસ્તકોને ચિત્રોથી સજાવ્યા છે.

બહુ જૂની વાત છે.એક અભિમાની જનરલ તેમના ઘોડા ઉપરથી પડી ગયા. ત્યારે પહેલી વખત તેમણે આજુબાજુ જમીન ઉપર ખીલેલાં જંગલી ફૂલોની સુંદરતા જોઈ. તે દિવસથી તેમને પ્રણ લીધું કે તેઓ દુનિયાને શાંતિ અને સુંદરતાથી ભરી દેશે.



આજથી લગભગ પચાસ વર્ષ પહેલા જયારે શીત-યુદ્ધ ચરમસીમા ઉપર હતું ત્યારે એક જોડીએ બાળકો માટે એક જૂદા પ્રકારનું પુસ્તક લખ્યું. જેમાં યુદ્ધના જોખમો અને પર્યાવરણના નાશ પ્રત્યે જાગરૂકતા કેળવી. ત્યારે જોન એફ કેનેડી અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા હતા અને તે સાલમાં બરાક ઓબામાનો જન્મ થયો હતો.

દશકો પછી પણ આ પુસ્તક તેટલું જ પ્રસ્તુત અને સમયને અનુકુળ રહ્યું છે.

